# <u>નવા ખેતીવાડી વીજ જોડાણો</u>

# તથા

# <u>ખેડૂતોને વીજ બીલમાં રાહત</u>

## ➢ રાજયમાં અપાયેલ નવાં ખેતીવાડી વીજ જોડાણો

- **વર્ષ ૧૯૬૦ થી વર્ષ ૨૦૦૨ સુધીમાં એટલેકે ૪૨ વર્ષમાં ખેતીવાડી વીજ જોડાણો.........૭,૩૩,૦૦૦ ( વાર્ષિક સરેરાશ – ૧૭,૪૫૨ )**
- **વર્ષ ૨૦૦૨ થી વર્ષ ૨૦૨૩ સુધીમાં એટલેકે ૨૧ વર્ષમાં ખેતીવાડી વીજ જોડાણો......... ૧૪,૭૧,૮૯૭ (વાર્ષિક સરેરાશ – ૭૦,૦૯૦)**
- **એટલેકે ૪૨ વર્ષની વાર્ષિક સરેરાશ કરતાં ૨૧ વર્ષની વાર્ષિક સરેરાશ ચાર ગણાથી વધુ છે.**
- **છેલ્લા ૧૨ વર્ષમાં રાજયમાં અપાયેલ નવાં ખેતીવાડી વીજ જોડાણો.**

| વર્ષ | નવાં વીજ જોડાણો | ખેતીવાડી ક્ષેત્રે વીજળી | ફીડર વિભાજન |
|---|---|---|---|
| વર્ષ ૨૦૧૨-૧૩ | ૯૭,૪૫૯ | વર્ષ ૨૦૦૧-૦૨ – ૯૫૮ કરોડ યુનિટ.<br>વર્ષ ૨૦૨૨-૨૩– ૨૧૦૦ કરોડ યુનિટ<br>એટલે કે. વર્ષ ૨૦૦૧-૦૨ની સરખામણીએ વર્ષ ૨૦૨૨-૨૩ માં કૃષિ ક્ષેત્રે અપાતી વીજળીમાં ૧૧૪૨ કરોડ યુનિટનો વધારો એટલે કે **લગભગ બે ગણાથી વધુ વીજળી** અપાયેલ છે .<br>• રાજ્યના જે તે વિસ્તારના સંજોગો અને પાકની જરૂરિયાત અનુસાર બે કલાક વધુ વીજ પુરવઠો પણ આપવામાં આવે છે. | રાજ્યમાં ખેડૂતોને લો વોલ્ટેજની કે વીજ વિક્ષેપની ઘટનાઓના કારણે પરેશાન ન થવું પડે તે માટે હયાત ફીડરોનું વિભાજન કરીને રાજયમાં **છેલ્લા ૧૨ વર્ષમાં ૩૯૦૦થી વધુ નવા ખેતીવાડી ફીડરો કરવામાં આવેલ છે.** |
| વર્ષ ૨૦૧૩-૧૪ | ૯૫,૩૧૨ | | |
| વર્ષ ૨૦૧૪-૧૫ | ૧,૦૦,૨૫૦ | | |
| વર્ષ ૨૦૧૫-૧૬ | ૧,૦૯,૩૧૭ | | |
| વર્ષ-૨૦૧૬-૧૭ | ૧,૦૯,૨૪૮ | | |
| વર્ષ-૨૦૧૭-૧૮ | ૧,૨૧,૨૪૨ | | |
| વર્ષ-૨૦૧૮-૧૯ | ૧,૨૨,૭૦૬ | | |
| વર્ષ-૨૦૧૯-૨૦ | ૧,૨૫,૮૮૩ | | |
| વર્ષ-૨૦૨૦-૨૧ | ૭૭,૭૬૨ | | |
| વર્ષ-૨૦૨૧-૨૨ | ૬૨,૯૭૭ | | |
| વર્ષ-૨૦૨૨-૨૩ | ૭૨,૭૩૪ | | |
| વર્ષ-૨૦૨૩-૨૪ (તા ૩૧.૧૨.૨૩ સુધી) | ૫૩,૮૯૫ | | |
| **કુલ** | **૧૧,૪૮,૭૮૫** | | |

- **છેલ્લા આઠ વર્ષમાં વર્ષે સરેરાશ એક લાખથી વધુ નવા ખેતીવાડી વીજ જોડાણો આપવામાં આવેલ છે.**
- **અગાઉ કોંગ્રેસ સરકારના શાસનમાં વર્ષે માત્ર ૧૫ થી ૨૦ હજાર જ નવા ખેતીવાડી વીજ જોડાણો અપાતા હતા.**
- **વર્ષ ૨૦૨૩-૨૪ માં રૂ.૧૦૦૯ કરોડના ખર્ચે ૬૩ હજારથી વધુ ખેતીવાડી વીજ જોડાણો આપવાનું આયોજન છે.**
- **રાજયના કોઇ પણ વિસ્તારના અનુસુચિત જાતિના ખેડૂતોને અગ્રતાના ધોરણે તથા રાહત દરે વીજ-જોડાણો અપાય છે.**
- **રાજયના આદિજાતિ વિસ્તારના કોઈપણ ખેડૂતને રાહત દરે વીજ-જોડાણો અપાય છે.**

## ➢ ખેડૂતોને રાહત દરે નવીન ખેતીવાડી વીજ જોડાણ

- એક ખેતીવાડી વીજ જોડાણ આપવા માટે સરેરાશ રૂ.૧,૬૦,૦૦૦ જેટલો ખર્ચ થાય છે.
- પરંતુ ખેડૂતોને રાહત દરે વીજ જોડાણ આપવામાં આવે છે .
- **નવા ખેતીવાડી વીજ જોડાણ માટે ખેડૂત પાસેથી વીજ લાઇન કે ટ્રાન્સફોર્મરનો કોઈ ખર્ચ વસૂલવામાં આવતો નથી.**
- ખેડૂત પાસેથી માત્ર સર્વિસ કનેક્શન ચાર્જ અને એનર્જી ડિપોઝિટના નાણાં જ લેવામાં આવે છે.

## ➢ ખેડૂતોએ નવા ખેતીવાડી વીજ જોડાણ માટે ભરવાના થતાં અંદાજપત્રની વિગતો

| | ખેડૂતે નવીન કૃષિવિષયક વીજ જોડાણ માટે ભરપાઈ કરવાની થતી રકમ ભરપાઈ કરવાની થતી રકમ | | | |
|---|---|---|---|---|
| **એક ખેતીવાડી વીજ જોડાણ આપવા માટે વીજ કંપનીને સરેરાશ રૂ.૧,૬૦,૦૦૦ જેટલો ખર્ચ થાય છે.** | હોર્સ પાવર | સામાન્ય ખેડૂત ( સર્વિસ કનેક્શન ચાર્જ + એનર્જી ડિપોઝિટ ) | અનુસુચિત જાતિનો ખેડૂત / આદિ જાતિ વિસ્તારમાં રહેતો ખેડૂત ( રાહતદરે વીજ જોડાણ માત્ર એનર્જી ડિપોઝિટ ) | ✓ **અનુસુચિત જાતિના ખેડૂત/આદિ જાતિ વિસ્તારમાં રહેતા ખેડૂતે માત્ર એનર્જી ડિપોઝિટના નાણાં જ ભરપાઈ કરવાના રહે છે.**<br>✓ **સર્વિસ કનેક્શન ચાર્જના નાણાં ભરપાઈ કરવાના રહેતા નથી.**<br>✓ **તદ્ઉપરાંત અનુસુચિત જાતિના ખેડૂતને અગ્રતાના ધોરણે વીજ જોડાણ આપવામાં આવે છે .** |
| | ૫ હો.પા | રૂ. ૭,૮૫૫ | રૂ.૧,૩૫૫ | |
| | ૧૦ હો.પા | રૂ. ૧૪,૧૯૦ | રૂ. ૨,૧૯૦ | |
| | ૧૫ હો.પા | રૂ. ૧૫,૦૨૫ | રૂ. ૩,૦૨૫ | |
| | ૨૦ હો.પા | રૂ.૨૪,૮૬૦ | રૂ.૩,૮૬૦ | |
| એનર્જી ડિપોઝિટના નાણાં ખેડૂતના ખાતામાં જમા રહે છે તથા ખેડૂતને આ નાણાં પર વ્યાજ આપવામાં આવે છે. | | | | |

- ઔધ્યોગિક વીજ જોડાણની જેમ ખેડૂતોને પણ તેમના ખેતીવાડી વીજ જોડાણ માટે આગવુ ટ્રાન્સફોર્મર આપવામાં આવે છે .

## ➢ ખેડૂતોને વીજ બીલમાં રાહત

- ખેડૂતોને વીજ બીલમાં રાહત માટે વર્ષે રૂ.૬૦૦૦ કરોડથી વધુ સબસીડી આપવામાં આવે છે.
- નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માં ખેડૂતોને વીજ બીલમાં રાહત માટે રૂ. ૬૬૫૬ કરોડથી વધુ સબસીડી આપવામાં આવેલ છે.

### ખેડૂતોને વીજ બીલમાં રાહત માટે સબસીડી અંગેની વિગતો

- રાજ્યના દરેક કક્ષાના ગ્રાહકોના વીજ દરો વીજ નિયમન પંચ દ્વારા જાહેર કરવામાં આવે છે.
- હાલમાં ગુજરાત વીજ નિયમન પંચ દ્વારા હોર્સ પાવર આધારિત વીજ બીલ ભરતા ખેડૂતો માટે પ્રતિ હોર્સ પાવર પ્રતિ વર્ષ જાહેર કરેલ વીજ દર રૂ. ૨૪૦૦ છે.
- છેલ્લા ૧૬ વર્ષથી રાજ્ય સરકારે ખેડૂતો પાસેથી વસૂલવામાં આવતા વીજ દરમાં કોઈ જ વધારો કરેલ નથી.
- વીજ નિયમન પંચ દ્વારા સમયાંતરે હોર્સ પાવર આધારિત વીજ બીલ ભરતા ખેડૂતો માટેના વીજ દરમાં વધારો કરવામાં આવેલ છે , પણ વીજ દરમાં થયેલ આ ભાવ વધારાનો બોજો ખેડૂતો પર પડવા દેવામાં આવતો નથી.

| વર્ષ | હોર્સ પાવર આધારિત વીજ બીલ ભરતા ખેડૂતો માટે વીજ નિયમન પંચે જાહેર કરેલા દર (પ્રતિ હોર્સ પાવર પ્રતિ વર્ષ) | હોર્સ પાવર આધારિત વીજ બીલ ભરતા ખેડૂતોએ **ખરેખર ભરપાઈ કરવાનો થતો દર** (પ્રતિ હોર્સ પાવર પ્રતિ વર્ષ) | ખેડૂતને વીજ બીલમાં **રાહત માટે આપવામાં આવતી સબસીડી** (પ્રતિ હોર્સ પાવર પ્રતિ વર્ષ) |
|---|---|---|---|
| ૨૦૦૦ | ૧૬૮૦ | ૬૬૫ પ્રતિ હોર્સ પાવર પ્રતિ વર્ષ | ૧૭૩૫ પ્રતિ હોર્સ પાવર પ્રતિ વર્ષ |
| ૨૦૧૦ | ૧૯૨૦ | | |
| ૨૦૧૧ | ૨૧૦૦ | | |
| ૨૦૧૩ | ૨૪૦૦ | | |

- એક યુનિટ વીજળીના ઉત્પાદન માટે અંદાજે રૂ. ૬.૩૦ **જેટલો** ખર્ચ થાય છે
- મીટર આધારિત વીજ બીલ ભરતા ખેડૂતો માટેનો પ્રતિ યુનિટ વીજ દર **૬૦ પૈસા જેવો નજીવો** રાખેલ છે.

- ખેડૂતોને વીજ બીલમાં રાહત માટે
    - ✓ સબસીડી - રૂ. ૬૫૬ કરોડ. (વર્ષ ૧૯૯૪-૧૯૯૫)
    - ✓ સબસીડી - રૂ. ૧,૭૬૨ કરોડ. (વર્ષ ૨૦૦૧-૦૨)
    - ✓ સબસીડી - રૂ. ૬૬૫૬ કરોડ. (વર્ષ ૨૦૨૨-૨૩)

    એટલેકે વર્ષ ૧૯૯૪-૯૫માં અપાયેલ સબસીડી કરતાં ૧૧ ગણાથી વધુ સબસીડી અને વર્ષ ૨૦૦૧-૦૨ માં અપાયેલ સબસીડી કરતાં લગભગ ૪ ગણાથી વધુ સબસીડી ગત વર્ષે અપાયેલ છે .

- છેલ્લા પાંચ વર્ષમાં ખેડૂતોને વીજ બીલમાં રાહત માટે અપાયેલ સબસીડી

| વર્ષ | સબસીડી ( રૂ. કરોડમાં ) |
|---|---|
| ૨૦૧૮-૧૯ | ૬,૨૫૯ કરોડ |
| ૨૦૧૯-૨૦ | ૬,૦૮૪ કરોડ |
| ૨૦૨૦-૨૧ | ૬૧૦૧ કરોડ |
| ૨૦૨૧-૨૨ | ૬૬૫૬ કરોડ |
| ૨૦૨૨-૨૩ | ૮૨૩૩ કરોડ |
| કુલ | ૩૩૩૩૩ કરોડ |
| ૨૦૨૩-૨૪ (અંદાજિત) | ૧૦૦૭૬ કરોડ |

- છેલ્લા ૫ વર્ષમાં ખેડૂતોને વીજ બીલમાં રાહત માટે લગભગ રૂ. ૩૩ હજાર કરોડથી વધુ સબસીડી આપવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૦૨થી અત્યાર સુધીમાં ખેડૂતોને વીજ બીલમાં રાહત માટે રૂ. ૬૭ હજાર કરોડથી વધુ સબસીડી આપવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૨૩-૨૪માં ખેડૂતોને વીજ બીલમાં રાહત માટે પ્રસ્તાવિત સબસીડીની રકમ અંદાજે રૂ. ૧૦,૦૭૬ કરોડ જેટલી થાય છે.

➢ ખેડૂતોને વીજ બીલમાં અન્ય રાહતો

- ખેતીવાડી વીજ જોડાણના વીજ બીલમાં ઇલેક્ટ્રિસિટી ડ્યૂટી ભરવામાંથી ખેડૂતોને આ સરકારે વર્ષ – ૨૦૦૫થી મુક્તિ આપેલ છે.
- ખેતીવાડી વીજ જોડાણના વીજ બીલમાં ફ્યુઅલ ચાર્જ ભરપાઈ કરવામાંથી ખેડૂતોને મુક્તિ આપવામાં આવેલ છે.

## ➢ (૨) રાજ્ય સરકાર દ્વારા ઊર્જા ક્ષેત્રમાં લેવાયેલ ખેડૂતલક્ષી નિર્ણયો

તા. ૩૧.૧૨.૨૦૨૧ના ઠરાવથી ટ્રાન્સમિશન લાઇન/ ટ્રાન્સમિશન ટાવર ઉભા કરતી વખતે જમીન/ પાક / ફળાવ / ઝાડને થયેલ નુકસાન માટે વળતર અંગેની માર્ગદર્શિકામાં સુધારો.

- ✓ અગાઉ ટાવર કે વીજ લાઇનના વાયરોની પહોળાઈના કારણે જમીનના ઉપયોગ બદલ વળતર પેટે જમીનના મૂલ્યના ૭.૫ ટકા લેખે ચૂકવણું કરવાંમાં આવતું હતી જે વધારીને જમીનના મૂલ્યના ૧૫ ટકા લેખે ચૂકવણું કરવાનો ખેડૂતલક્ષી નિર્ણય કરવામાં આવેલ છે.
- ✓ ફળાઉ ઝાડ તથા અન્ય વૃક્ષના નુકસાન તેમજ પાક નુકસાનના વળતર માટેના દરોમાં પણ સુધારો કરવામાં આવેલ છે .
- ✓ જેના કારણે વળતરમાં ત્રણ થી ચાર ગણો વધારો થયેલ છે.

- સોલર પમ્પસેટ આપવામાં આવેલ હોય અને પાંચ વર્ષનો ગેરંટી સમય પૂર્ણ થયેલ હોય તેવા ખેડૂતોને વીજ લાઈન અને ટ્રાન્સફોરમર ઊભું કરીને પરંપરાગત ખેતીવાડી વીજ જોડાણ આપવાનો નિર્ણય કરવામાં આવેલ છે. જેથી ખેડૂત સ્વવપરાશ ઉપરાંતની સૌર ઊર્જા ગ્રીડમાં આપીને આવક કરી શકશે તેમજ તે આવકમાંથી સોલર પમ્પસેટની મરમ્મત પણ કરાવી શકશે.
- મીટર આધારિત વીજ બિલ ભરતા ખેડૂતોને વીજળી બિલમાં ભરવાના થતાં ફીક્ષ ચાર્જમાં ધરખમ ઘટાડો કરવામાં આવેલ છે.
  - ✓ અગાઉ **હોર્સ પાવર દીઠ માસિક રૂ. ૨૦/-** ફીક્ષ ચાર્જ હતો જેમાં નીચે મુજબ ઘટાડો કરવામાં આવેલ છે.
    - ○ **૭.૫ હોર્સ પાવર સુધીના વીજ જોડાણ માટે - રૂ. ૧૦/- પ્રતિ હોર્સ પાવર માસિક** ફીક્ષ ચાર્જ
      (એટલેકે ફીક્ષ ચાર્જમાં ૫૦% ઘટાડો)
    - ○ **૭.૫ હોર્સ પાવરથી વધુના વીજ જોડાણ માટે - રૂપિયા ૭૫ + ૭.૫ હોર્સ પાવરથી વધુના બાકી રહેતા વીજ ભાર માટે રૂ. ૫/- પ્રતિ હોર્સ પાવર માસિક** ફીક્ષ ચાર્જ
      (એટલેકે ફીક્ષ ચાર્જમાં ૭૫% ઘટાડો)